

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*'મફત વેક્સીન'નો તઘલખી અખતરો છે,*
*વેડફાટ ને અરાજકતાનો મોટો ખતરો છે,*
*પૈંતરો રચશ લાલીયા, મફત કા ચંદનનો -*
*મરસિયા વચ્ચે પણ લગ્નગીતોનો અંતરો છે!!*
*(કાળાં વાદળની સોનેરી કોર)*

**હાઈકુ**

*ચાલે છે તંત્ર*
*અહીં અખતરાની -*
*મોકડ્રીલથી...*

*જશ ખાટવા -*
*ઉધઈના મેદાને*
*થશે લીંપણ...*

### ચિંતન

**ન જ્ઞાતું નાપ્યનું જ્ઞાતું ને ક્ષિતું ના પ્યુયે ક્ષિતુમ્ ।**
**સ્વજન : સ્વજનો જાતું વિપત્પાતં સમીહતે ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં 'સાચા સ્વજન'ના સ્વભાવના લક્ષણ દર્શાવવામાં આવ્યા છે.

સ્વજન એને કહેવાય જે પોતાના પારિવારિક બંધુઓ, સ્નેહીજન ઉપર આવી પડેલી આપત્તિ ને સાંભળી શકતો નથી અર્થાત્ તેનાથી એની પીડા સહન કરી શકાતી નથી.

વળી કેટલાક સ્વજનો એવા હોય છે કે આવી આપત્તિ આવી પડે ત્યારે સાંભળી તો લે પણ પછી માત્ર હૈયા ધારણા આપી, હવે મુશ્કેલી સહન કરે છૂટકો, સુખ-દુઃખે, હસતાં રડતાં સહન કરવું જ પડશે વગેરે ઠાલા સાંત્વનો આપી છટકી જાય છે. જ્યારે સાચો સ્વજન છટકી જશે નહીં પણ સાચો સાથ આપી સ્વજનને સધિયારો આપી સાથે જ રહેશે.

સાચો સ્વજન - મિત્ર - પરિવારજનની વિપત્તિ જોઈ પણ શકતો નથી, સાંભળી પણ શકતો નથી અને એવી પરિસ્થિતિમાં તેની ઉપેક્ષા પણ કરી શકતો નથી, પણ પોતાનાથી શક્ય એવા તમામ પ્રયાસો કરી સાચો 'સ્વજન' બની સાથ સહકાર આપે છે.

### સુવિચાર

- જિંદગીનો એકતારો છે ભજનમાં, આપણો સાચો સહારો છે ભજનમાં,
  તાત છે આખા જગતનો, માફ કરશો, પાપનો અંતિમ સધારો છે ભજનમાં - **હર્ષાબેન ચૌહાણ**
- બાત બસ નઝરિયે કી હૈ... 'કાફી અકેલા હૂં' યા 'અકેલા કાફી હૂં' - **શરદ ત્રિપાઠી**
- જે મુસીબતોનો બોજ ઉઠાવી શકે છે તે જ સફળજીવનનો અધિકારી છે - **મિલ્ટન**
- તું એકલો નહિ એકડો છે,
  ઉઠ હજારો મીંડા તારી રાહ જુએ છે - **પ્રજ્ઞેશ પટેલ**
- વેરનું વિસર્જન, પ્રેમનું સર્જન એ જ... સાર્થક 'પર્યુષણ' - **આચાર્ય સુભદ્રસાગરજી**
- સાચું અને સારું જો આપણામાં નહીં તો બીજે કયાંક નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : દાડમનો રસ દસ મિલિ. નવશેકો ગરમ કરી બાળકોને પીવડાવવાથી ઉલ્ટી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક નગરમાં પંડિતજીની કથા ચાલી રહી હતી. લોકોએ પંડિતજીને ઘણી દાન-દક્ષિણા પણ અર્પણ કરી હતી. કથાના છેલ્લા દિવસે એક ચોરને થયું કે આ પંડિતજીને લૂંટી લઈએ તો ઘણો માલ મળે તેમ છે. એણે એક કથામાં બેસી સાંજ પડવાની રાહ જોવા લાગ્યો. એ દિવસે કથામાં પંડિતે કહ્યું, 'અહિંસા અને ક્ષમાએ મનુષ્યના આભૂષણ છે. એને કયારેય છોડવા જોઈએ નહિ.' કથા પૂરી થઈ પંડિતજી દાન-દક્ષિણા લઈ પોતાના ગામ તરફ નીકળ્યા. પેલો ચોર પણ એમની પાછળ ચાલવા લાગ્યો. જંગલમાં અડધે એણે પંડિતજીને આંતર્યા અને કહ્યું કે તમે જે દાન-દક્ષિણા મેળવ્યા છે તે મને આપી દો. પંડિતજી એમ ડરી જાય તેવા ન હતા. એમને પોતાની લાઠી કાઢી અને પેલા ચોરને બરાબર ખોખરો કર્યો. પંડિતજીનું આવું રૌદ્ર સ્વરુપ જોઈને લુંટારો બોલ્યો, 'મહારાજ, આપે તો કહ્યું હતું કે અહિંસા અને ક્ષમા એ મનુષ્યનાં આભુષણ છે. એને કયારેય છોડવા નહિ અને આપ તો મને લાઠીથી માર્યે જાઓ છો. આવી હિંસા કેમ ? કયાં ગઈ તમારી ક્ષમા ? આપનો આપેલો ઉપદેશ કયાં હવામાં ઓગળી ગયો ? 'પંડિતજીએ કહ્યું, 'મેં જે કહ્યું હતું તે સત્ય હતું, પરંતુ મેં એ સત્ય સજ્જનોને અનુલક્ષીને કહ્યું હતું. દુષ્ટ અને દુર્જનોને માટે નહોતું કહ્યું. અહિંસક થવાનો અર્થ એ નથી કે તમે કાયર બનો અને ક્ષમાશીલ થવાનો અર્થ એ નથી કે કોઈ તમારા ક્ષમાભાવનો ગેરલાભ ઉઠાવે. કોની સાથે કેવો વ્યવહાર કરવો તે વ્યક્તિ અને પરિસ્થિતિ પર આધારિત છે. સમજ્યો?' માર ખાઈને ચોરને અક્કલ આવી તેણે પંડિતજીની ક્ષમા માગી અને જીવનમાં પ્રામાણિક માર્ગે ચાલવાનું વચન આપ્યું.

# ફરી એકવાર 'પાટીદાર મોજું' સર્જાવાના સંકેત

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે થવાની છે પણ એમાં પાવર પોલિટિક્સના ખેલાડીઓએ અત્યારથી શતરંજની ચોપાટ માંડવાના શ્રીગણેશ કરી દીધા છે. ગુજરાતની સૌથી શક્તિશાળી મહાજાતિ પાટીદાર છેલ્લાં કેટલાંક વર્ષોથી સત્તાના કેન્દ્ર સ્થાને નથી રહી. એ જ રીતે સૌથી મોટી જનસંખ્યા ધરાવતી બક્ષીપંચ હેઠળ આવરી લેવાયેલી ઠાકોર સહિતની જ્ઞાતિઓ પણ હાંસિયે ધકેલાઈ ગઈ હતી. ગુજરાતની સ્થાપના થઈ ત્યારે વણિક મુખ્યમંત્રી હતા, એ વખતે પાટીદારો અને ક્ષત્રિયોમાં રાજકીય જાગૃતિ આવી નહોતી. પરંતુ સમય જતાં પાટીદાર ફેક્ટર બળવત્તર બની રહ્યું અને ગુજરાતને ચુસ્ત ગાંધીવાદી પાટીદાર મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ મળ્યા. એ પછી બે મુખ્ય જ્ઞાતિ સમુદાયો - પાટીદારો અને ક્ષત્રિયો વચ્ચે સત્તાની સાઠમારી ચાલી જેમાં પાટીદારોનો પ્રભાવ ઓછો કરવા ક્ષત્રિય સભાના પ્રમુખ મોગર ઠાકોર સાહેબ નટવરસિંહજી સોલંકીએ રાજા-રજવાડાંથી લઈ પગી સુધીના વિશાળ જનસમૂહને 'ક્ષત્રિય' તરીકે એક નેજા હેઠળ લાવી ગુજરાતમાં ક્ષત્રિય રાજકારણના મંગલાચરણ કર્યા. લોકપ્રિય પાટીદાર નેતા ભાઈકાકાને નટવરસિંહ સોલંકીએ એમના હોમગ્રાઉન્ડમાં હરાવી ચરોતરના ખમતીધર પાટીદાર આગેવાનોને મૂંઝવણમાં મૂકી દીધા હતા, જેથી ખુદ સરદાર પટેલનાં સુપુત્રી મણિબેનને અને પ્રખર વિચક્ષણ રાજપુરુષ એચ.એમ. પટેલ જેવા નેતાઓને ઉત્તર ગુજરાતની બેઠકો પરથી ચૂંટણી લડવા મજબૂર થવું પડ્યું હતું. જો કે એથી પારોઠનાં પગલાં ભરે તો એ 'પાટીદાર' નહીં. ક્ષત્રિય રાજકારણના પ્રતિનિધિ નેતા માધવસિંહ સોલંકીના દબદબા વચ્ચે ચીમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ જેવા પ્રખર પાટીદાર મુખ્યમંત્રીઓ મળતા રહ્યા. કેશુભાઈ પટેલ જેવા સર્વતોભદ્ર નેતા સામે બળવો કરનાર શંકરસિંહ વાઘેલાને ગુજરાતની પ્રજાએ પછડાટ આપી હતી. કોંગ્રેસની 'ખામ' થિયરીથી નારાજ થયેલ પાટીદારોએ વર્ષો જૂનો કોંગ્રેસનો સાથ છોડી સામા પક્ષે બેસવાનું શરૂ કર્યું જેથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન સ્થપાયું જે આજપર્યંત અડીખમ રહેવા પામ્યું છે. જો કે કેશુભાઈ પટેલને સત્તા પરથી હટાવ્યા પછી જે દોર ચાલુ થયો એમાં મોદીનો જાદુ વિશેષ ચાલ્યો. મોદીની હેટ્રિક પછી જ્યારે તેઓ વડાપ્રધાન બનીને દિલ્હી ચાલ્યા ગયા ત્યારે પણ પાટીદાર ફેક્ટરનો દબદબો રહે એ રીતે આનંદીબેન પટેલની તાજપોશી થઈ પણ કમનસીબે પાટીદાર અનામત આંદોલનના મુદ્દે એમને પણ પદ છોડવું પડ્યું. એમની ઈચ્છા નંબર-ટુ નીતિન પટેલને અનુગામી મુખ્યમંત્રી તરીકે મૂકી જવાની હતી જે પાર્ટીમાં પ્રભાવક રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસેલા અમિત શાહે બર ન આવવા દીધી અને ગુજરાતને 'નિર્ણાયક' જૈન મુખ્યમંત્રી મળ્યા. સત્તાધારી પાર્ટીએ નાયબ મુખ્યમંત્રી પદ સહિત કેટલાક મહત્ત્વના વિભાગો પાટીદાર મંત્રીઓને સોંપ્યા. પાટીદાર સમાજના પ્રતિનિધિઓને કેન્દ્રીય મંત્રીમંડળમાં પણ સ્થાન અપાયું છે. સંસદ અને ધારાસભામાં પાટીદાર સમાજના પ્રતિનિધિઓ પ્રમાણમાં બીજી જ્ઞાતિઓ કરતાં વધુ સંખ્યામાં હોવા છતાં મુખ્યમંત્રી પદ પાટીદાર સમાજના કબજામાં નહીં હોવાનો અસંતોષ સમાજના સર્વમાન્ય અગ્રણી વ્યક્ત કરતા રહ્યા છે. ખોડલધામ અને ઉમિયાધામના ટ્રસ્ટીઓ ભેગા બેસી આગામી ચૂંટણીમાં પાટીદાર સમાજ સામસામે ન ટકરાય, લેઉઆ-કડવાની સ્પર્ધા ન રહે અને શક્ય એટલી વધુ બેઠકો મેળવે એનું આગોતરું આયોજન કરવા લાગ્યા છે. ખોડલધામ એ સૌરાષ્ટ્રના લેઉઆ પાટીદારોનું અદ્યતન આસ્થાકેન્દ્ર અને સામાજિક વિકાસનું ધામ બની રહ્યું છે. એના ટ્રસ્ટી નરેશ પટેલનો પડ્યો બોલ લેઉઆ પાટીદાર સમાજ લેઉઆ પાટીદાર સમાજ ઝીલતો રહ્યો છે. નરેશ પટેલ પોતે કોઈ રાજકીય પાર્ટીના સભ્ય નથી. પરંતુ દરેક રાજકીય પાર્ટીમાં પાટીદાર સમાજના વધુમાં વધુ પ્રતિનિધિઓને ટિકિટો મળે એ દિશામાં સક્રિય થયા છે. ઉત્તર ગુજરાતના પ્રસિદ્ધ ઊંઝા સ્થિત ઉમિયા માતાજી સંસ્થાનના ધુરાવાહકો સાથે ઊંઝા ખાતે પહોંચી જઈ બેઠક કરીને નરેશ પટેલે લેઉઆ-કડવા પાટીદાર સમાજને એક સૂત્રમાં પરોવવાનો સંકલ્પ કર્યો હતો. એમણે બહુ જ સ્પષ્ટ શબ્દોમાં આગામી મુખ્યમંત્રી પાટીદાર સમાજનો હોવો જોઈએ એવી હાકલ કરી પાટીદાર સમાજને ગુજરાતની સત્તા હસ્તગત કરવા જરૂર પડે તો આમ આદમી પાર્ટી જેવા નવા રાજકીય પરિબળનું સમર્થન કરવાના સંકેતો આપ્યા છે. ભારતીય જનતા પાર્ટીનું હિંદુત્વ કાર્ડ તમામ હિંદુ પ્રજાને સ્પર્શતું રહ્યું છે. પણ હવે એને પણ પાટીદાર ફેકટર પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. એ જ રીતે પાટીદારો જેનાથી વિમુખ થઈ ગયેલ છે તે કોંગ્રેસ પાર્ટી પણ પાટીદાર આંદોલનના પ્રોડક્ટ હાર્દિક પટેલમાં પાર્ટીના ભવિષ્યની સલામતી નિહાળવા લાગી છે. ફરી એકવાર ક્ષત્રિયો પણ તલવારો તાણશે તો ગુજરાત માધવસિંહ-ચીમનભાઈના શાસનકાળનું સમરાંગણ બની રહેશે.

# બિલ્ડીંગમાં ફાયર બી.યુ.ની એન.ઓ.સી. લેવી ફરજીયાત



**કાયદો અને કાનૂન**
અશ્વિન ત્રિવેદી

રાજ્યભરમાં ફાયર સેફ્ટીના અભાવે થયેલી જાહેર હિતની અરજીમાં સરકાર અને કોર્પોરેશનોએ કરેલા સોગંદનામા ઉપર સુનવણી કરતા નામ. ગુજરાત હાઈકોર્ટે ફાયર કે બી.યુ. પરમીશન વગરની મિલકતો માટે ગાઈડલાઈન જારી કરી મ્યુનિસિપલ કોર્પોરેશનોને દિશા નિર્દેશ પાઠવેલ છે.

રાજ્યમાં ઘણી બધી હોસ્પિટલો, શાળાઓ કે શૈક્ષણિક ઈન્સ્ટીટયુટ પાસે ફાયરની કે બી.યુ. પરવાનગી નથી. ૨૦૦૨ પછી આવી કોઈ જ પરમીશન આપી નથી. કેમકે તેમની પાસે ફાયર એન.ઓ.સી. જ નથી. આવી બિલ્ડીંગોના કારણે ઘણા બધા દર્દિઓ હોસ્પિટલમાં જીવ ગુમાવ્યો, જ્યારે કેટલાક નિર્દોષ બાળકો પણ આગની લપેટમાં આવી જીવ ગુમાવ્યો છે. ૨૦૨૧માં બી.યુ. વગરની લાખો બિલ્ડીંગો છે. જેમાં ગેરકાયદેસર રીતે ધંધો ચલાવાય છે.

બી.યુ. વગરની ઈમારતોની તમામ સર્વિસ તાત્કાલીક બંધ કરવા મ્યુનિ. કોર્પોરેશનને નામ. ગુજરાત હાઈકોર્ટે પગલા ભરવા છૂટ આપી છે, પરંતુ તેમ કરવા જતા લાખો લોકો ધંધા, રોજગાર વગરના બની જાય તેમ જ મ્યુનિ. ને પ્રોપર્ટી ટેક્ષમાં મોટુ નુકશાન થાય તેમ હોય આંખ આડા કાન કરતા આવેલ છે.

ફાયર વિભાગ અને કોર્પોરેશનના ક્વોલિફાય એન્જીનિયરની એજન્સી જ ફાયર એન.ઓ.સી., બી.યુ. પરવાનગી મેળવી આપવાનું કામકાજ કરતી હોય છે. હજારો એન્જીનિયરોને કામે લગાડવામાં આવે તો એસ્ટાબ્લિસમેન કોસ્ટમાં વધારો શક્ય છે, પરંતુ તે લાખો લોકોના જીવથી વધારે નથી. મ્યુનિ. કોર્પોરેશન નું કામ ટેક્ષના નાણામાંથી લોકોને સગવડ આપવાનું છે નહી કે નાણાં વધારવાનું.

હવેથી જે બિલ્ડીંગોમાં ફાયર એન.ઓ.સી. ના હોય કે બી.યુ. પરવાનગી ના હોય તો બિલ્ડીંગ બહાર મોટા અક્ષરોમાં લખવું પડશે જેથી જાહેર જનતા આવા બિલ્ડીંગમાં જતા અટકાય અથવા જાય તો પોતાના જીવના જોખમે જાય.

ફાયર એન.ઓ.સી. વગર મોટા ભાગની હોસ્પિટલો ધમધમે છે તથા શૈક્ષણિક સંકુલો ધમધમે છે. લોકો જીવના જોખમે ત્યાં જાય છે. આનો કોઈ જ કાયમી ઉપાય નથી. બિલ્ડરો બિલ્ડીંગ બનાવી હાથ ઉંચા કરી દે છે. દર વર્ષે રિન્યુઅલ ફી તથા સર્વિસ મિલકતધારકોને પોષાતી નથી. ઉપયોગ કરનારા મેન્ટેનન્સ આપતા નથી. સરવાળે ભોગ પ્રજા બને છે અને આગ અકસ્માતથી જીવ ગુમાવે છે.


જી.ડી.સી.આર.ની સત્તા સરકાર પાસે છે. તેથી સીલ ખોલવા માટેની કેટલીક ટેકનીકલ બાબતો સરકારના હસ્તક છે. મ્યુની. કોર્પોરેશન જ્યારે મનફાવે ત્યારે આવા બિલ્ડીંગોને સીલ મારી જવાબદારી પુરી કરે છે. ત્યારબાદ સરકારી તંત્ર આ સીલ ખોલી આપતા ફરી ધંધો ચાલુ થાય છે.

મોટાભાગની બિલ્ડીંગોમાં એકવખત ફાયર સેફટી લાગી ગયા પછી એન.ઓ.સી. મેળવ્યા બાદ રીન્યુઅલ થતી નથી. મેન્ટેનન્સ થતું નથી. ટેકનીકનો ઉપયોગ કરવા વાળા સક્ષમ માણસની નિમણૂક કરવામાં આવતી નથી. તેથી સરવાળે આવી સિસ્ટમ શોભાના ગાંઠીયા સાબિત થાય છે અને આગ અકસ્માત સમયે આવી સિસ્ટમ કામે લાગતી નથી. જેથી જાનમાલનું નુકશાન થાય છે. તપાસ કમિટી દોષનો ટોપલો એકબીજા ઉપર નાખી જવાબદારી પુરી કરે છે અને આવા ગુનેગારો કાયદાની છટકબારીમાં ટેકનીકલ બાબતોનો લાભ લઈ કોર્ટમાંથી છૂટી જાય છે. ગુનેગારોને પુરતી સજા મળતી નથી. સરવાળે ભોગ નિર્દોષ પ્રજા બને છે. કુલ ૬૯૨ બિલ્ડીંગોને સીલ લાગેલ છે.

હવેથી હાઈકોર્ટે કડક પગલા લેતા બી.યુ. કે ફાયર સેફટી વગર ધમધમતી ઈમારતોને સીલ લગાવવામાં આવશે તથા આવી બિલ્ડીંગોની યાદી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જાહેર કરાશે. તથા બિલ્ડીંગ બહાર બી.યુ. કે ફાયર સેફટી નથી. તેવી જાહેર હિતની નોટીસ ચોંટાડવી ફરજીયાત બનશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે; આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે



**WhatsApp ઑફ ધી વીક**
નેહલ ગઢવી

**આંગળી પકડી કહે છે ચાલ તું,**
**કેટલું અઢળક કરે વ્હાલ તું...**

**- અરવિંદ પંડ્યા**

સોમવારની આજની આ સવારે હાથમાં છાપું લઈને આની ચુસ્કી ભરતાં ભરતાં વાંચો આ વાત કે જે એક સત્યઘટના પર આધારિત છે: ''કપ ઑફ ટી.''

૧૫સૈનિકોનું એક ગ્રુપતેમના ત્રણ મહિનાનાહિમાલય ચેકપોસ્ટ પરના પોસ્ટીંગ તરફ જવાના રસ્તામાં હતા ત્યારની આ વાત છે! આ ગ્રુપ જે ગ્રુપને releieve કરાવવા જવાનું હતું તેઓ આતુરતાપૂર્વક આવનારા ગ્રુપની પ્રતિક્ષા કરતા હતા. એક તો શિયાળાની કડકડતી ઠંડી અને એમાં પાછી હિમવર્ષા અને આકરું ચઢાણ! આવા સમયે મેજરને વિચાર આવ્યો કે ગરમાગરમ ચા પીવા મળે તો તે સંજીવની બુટ્ટી જેવું લાગે! લગભગ એકાદ કલાક ચાલ્યા પછી એક ''ટી સ્ટોલ'' દેખાયો અને તે પણ બંધ! હવે? અંધારી રાતનો સમય ચા પીવાની જરૂરીયાત અને સમયનો અભાવ! મેજરે કહ્યું, ચા તો નહિ મળે પણ થોડો સમય આરામ કરી લઈએ. પણ ગ્રુપના અન્ય જવાનોએ મેજરને વિનંતી કરી કે તાળું તોડીને આપણે જાતે જ ચા બનાવીને પી લઈએ તો ઠંડીમાં થોડી રાહત મેળવી શકાય. પોતાના જવાનોને થાકેલા અને ઠંડીમાં હેરાન થયેલા જોઈને મેજરને પણ આ સૂચન યોગ્ય લાગ્યું. તાળું તોડીને સૌએ ચા-બિસ્કીટ ખાધાં અને જીવમાં જીવ આવ્યો હોય તેમ અનુભવ્યું. પણ મેજરના મનમાં તાળું તોડ્યાનો ડંખ ખેંચ્યા કરતો હતો એટલે તેમણે ૧૦૦૦ રૂા. ની નોટ બિસ્કીટના ડબ્બાની નીચે મૂકી દીધી અને તેમનો કાફલો આગળ વધારવા યુવાનોને તાકીદ કરી. ત્રણ મહિના બાદ જયારે આ જ ટુકડી પરત ફરી રહી હતી ત્યારે ''ટી-સ્ટોલ ખુલ્લો હતો અને તેમાં એક વૃદ્ધ કાકા ગ્રાહકોને ચા કરીને પીવડાવતા હતા. એક સાથે આવી ચડેલા ૧૫ ગ્રાહકોને જોઈને તેઓ ખુશખુશાલ થઈને કામ કરવા લાગ્યા. યુવાનોને પણ કાકા સાથે વાતો કરવાની મજા આવી. કાકાની ઈશ્વર પ્રત્યેની અડગ શ્રદ્ધાના કિસ્સાઓ અને અનુભવો યુવાનોએ ચાની ચુસ્કી લેતાં લેતાં માણ્યા. યુવાનોએ પૂછ્યું, આટલી પ્રતિકૂળ જગ્યાએ આવી ગરીબીમાં દિવસો વિતાવવા છતાં તમને ઈશ્વરમાં આવી અડગ શ્રદ્ધા કઈ રીતે છે? ત્યારે એ વૃદ્ધ ચાવાળા કાકાએ જે સ્વઅનુભવની વાત કરી તે સાંભળીને ત્યાં ઉપસ્થિત યુવાનો તેમજ મેજરની આંખના ખૂણા ભીંજાઈ ગયા. કાકાએ કહ્યું કે, આજથી ૩ મહિના પૂર્વે જયારે આંતકવાદીઓના હુમલામાં મારો એકનો એક દીકરો ઈજાગ્રસ્ત થઈને હોસ્પિટલમાં દાખલ હતો ત્યારે મારે ૧૦૦૦ રૂા.ની તાત્કાલિક જરુર પડી અને આખી રાત મેં ઈશ્વરને આ માટે આજીજી કરી. અને મારો દયાળુ ઈશ્વર દુકાનમાં આવીને મારા માટે પૈસા મૂકી ગયો! મેજરે યુવાનોને આંખના ઈશારાથી જણાવી દીધું કે કાકાને હકીકતની જાણ ન કરવી. ભાવુક થઈ ગયેલા યુવાનોને અને મેજરને લાગ્યું કે કયારેક આપણે કરેલી નજીવી મદદ માત્ર સામેની વ્યક્તિની નજરમાં આપણને ઈશ્વર બનાવી દે છે!

આપણી આસપાસ રહેતા લોકો વિવિધ તકલીફો અને અડચણોનો સામનો કરીને પણ હિંમતપૂર્વક જીવતા હોય ત્યારે કયારેક આપણું એક સ્મિત, એક આલિંગન, એક વ્હાલભર્યું ચુંબન કે વ્હાલથી માથે ફેરવેલો હાથ, મીઠા બે શબ્દો, ઉત્સાહવર્ધક અને પ્રોત્સાહિત કરી શકે તેવા વાક્યો આ તમામની એક ચમત્કારિક અસર થતી હોય છે. આપણા દ્વારા લેવામાં આવેલું આ નાનું એવું પગલું કોઈના જીવનની સૌથી મોટી મદદ બની શકે છે. દરેક વ્યક્તિના મનમાં ઈશ્વરનો વાસ હોય છે અને આ માટે માળા, જપ, તપ, ટીલાં-ટપકાં કે મોંઘાદાટ મંદિરોમાં કિમતી વસ્તુઓનો ભોગ ધરાવવાની કોઈ જરૂર નથી. થોડી સંવેદના, થોડી હૂંફ અને થોડી માનવતા દાખવીએ તો નાની-નાની લાગતી બાબતો પણ મોટા-મોટા ચમત્કારો કરી શકે છે. આજે આપણે સંવેદનાઓને અભિવ્યક્ત કરવા માટે પણ મોબાઈલ અને ઈન્ટરનેટની મદદ લેતા બન્યા છીએ પરંતુ, જે ચમત્કારિક અસર રૂબરૂ મળીને અનુભવાય છે તે ઓનલાઈન સ્માઈલી કે ફ્લેપ્સ કરવાથી મળી શકે નહીં.

God grows weary of great Kingdoms,
but never of little flowers.

**''પરમેશ્વર મોટાં મોટાં સામ્રાજ્યોથી વાજ આવી જાય છે, પણ નાનકડાં ફૂલોની કદી કંટાળતો નથી.''**

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)**

આપણું એક નાનકડું સ્ટેપ કે નાની એવી પહેલ કોઈના જીવનમાં મોટો ફેર લાવી શકતી હોય તો તે માટેના પ્રયાસો આજથી જ શરુ કરી દઈએ. ઈશ્વરને શોધવા કરતાં આસપાસ રહેતા વ્યક્તિઓમાં ઈશ્વરને ખોળીએ અને તેમાં વિશ્વાસ કેળવીએ તો કેવું? અને આપણે પોતાના અંતરમનમાં બેઠેલા ઈશ્વરને પણ સત્કર્મોપી સુવાસથી અખંડ મધમધતો રાખીએ તો જ આપણને મળેલો મહામૂલો મનુષ્ય અવતાર લેખે લાગે! ''મરીઝ' પોતાની પીડા વ્યક્ત કરતા લખે છે કે,

**''એવો કોઈ દિલદાર જગતમાં નજર આવે;**
**આપી દે મદદ કિંતુ ન લાચાર બનાવે.**
**હમદર્દ બની જાય જરા સાથમાં આવે;**
**આ શું કે બધા દૂરથી જ રસ્તા બતાવો.''**

તો આવો, આપણે પણ કોઈને આમ છૂપી રીતે મદદરુપ થઈએ અને જીવનરુપી અત્તરક્યારીને મહેકાવતા જઈએ!

- nehalgadhavi101@gmail.com

# ભારતના પ્રથમ સ્માર્ટ ગામ પુંસરીના પ્રણેતા હિમાંશુભાઈ પટેલની લોકનિષ્ઠા



**નવી સવાર**
રમેશ તન્ના

૨૦૧૪માં ભારત સરકારે સંસદસભ્યોને ગામ દત્તક લઈને તેને આદર્શ બનાવવાની સૂચના આપી. મોડેલ ગામ તરીકે ત્રણ ગામો પસંદ કરાયાં તેમાં પ્રથમ નંબરે હતું ગુજરાતનું પુંસરી ગામ.

ગુજરાતને ગૌરવ અને આનંદની આ ઘડી મળી હિંમાશુભાઈ પટેલને કારણે.

૨૪ વર્ષની વયે તેઓ પુંસરી ગામના સરપંચ બન્યા અને જોતજોતામાં તેમણે આ ગામને માત્ર ગુજરાતનું નહીં, ભારતનું આદર્શ અને શ્રેષ્ઠ ગામ બનાવ્યું.

આ ગામમાં તેમણે આધુનિક ટેકનોલોજીનો માપસરનો છતાં એવો સરસ પ્રયોગ અને ઉપયોગ કર્યો કે ગામ સુખી થયું. ગામની મોટાભાગની સમસ્યાઓનો ઉકેલ આવ્યો.

હિંમાશુભાઈએ સાબિત કર્યું કે આધુનિક ટેકનોલોજી ઉત્થાનમાં મોટી ભૂમિકા ભજવી શકે છે. નોંધપાત્ર બાબત એ બની કે તેમણે આ ગામને સ્માર્ટ અને આદર્શગામ બનાવીને બેસી રહેવાને બદલે આગળ ધપવાનું નક્કી કર્યું. ગમતું હોય તો અલ્યા ગૂંજે ના ભરીએ, ગમતાનો કરીએ ગુલાલ.. એ અભિગમ પ્રમાણે ભારતનાં બીજાં ગામો માટે પણ તેમણે કામ શરૂ કર્યું.

૨૦૧૬થી તેમણે પુંસરી ગામના સરપંચની જવાબદારી બીજાને સોંપી અને ગુજરાત તથા ભારતનાં ગામો પુંસરી જેવાં બને તે માટેનું કાર્ય શરૂ કર્યું.

ગુજરાતના એકસો અને ભારતના એક હજાર સરપંચોનું તેમણે ગ્રુપ બનાવ્યું છે આ બધા યુવાન સરપંચો છે. ( તેમની વય છે ૨૨થી ૩૫ વર્ષની) આ સરપંચો પોતાના ગામને બધી રીતે જ આદર્શ બનાવી રહ્યા છે. તેમને હિંમાશુભાઈ પટેલ નેતૃત્વ અને માર્ગદર્શન આપી રહ્યા છે.

જો ગામનો સરપંચ ધારે તો પોતાના ગામનો સર્વાંગી વિકાસ કરી શકે. ગામના ઘડતર, ચણતર અને ઉત્કર્ષનો બધો આધાર અને મદાર ગામના સરપંચની પરિપાટી અને મથરાવટી પર હોય છે. સરપંચ પોતાના વિકાસને બદલે ગામનો વિકાસ કરે તો પરિણામ આવે જ.

હિંમાશુભાઈ પટેલ સાથે તમે વાત કરો ત્યારે સતત અનુભવો કે આ માણસ નરી નિસબતનો માણસ છે. ગ્રામશક્તિનો વિનિયોગ સફળતા માટે કેવી રીતે કરી શકાય તેની તમામ ચાવીઓનો મોટો ઝૂડો તેમની પાસે છે.

તેઓ કહે છે, અમે સરપંચોનાં આ ગ્રુપ સરકાર સાથે ભીડવા કે લડવા નથી બનાવ્યાં. રાજ્ય અને સરકારની નેવું જેટલી યોજનાઓ છે. આ યોજનાઓનો પોતાના ગામને શ્રેષ્ઠ રીતે અને સમજણપૂર્વક લાભ મળે તેવું આયોજન કરે છે. જો સરકારની ગ્રામવિકાસ માટેની તમામ યોજનાઓ યોગ્ય અને અસરકારક રીતે અમલમાં આવે તો પણ ગામડાંના ૯૦ ટકા પ્રશ્નોનો ઉકેલ આવી જાય.

હિંમાશુભાઈ પટેલ દેશના સરપંચોને આ બધુ કહે છે તે પહેલાં તેઓ આ બધુ કરી ચૂક્યા છે.

સાતમી ફેબ્રુઆરી, ૧૯૮૩ના રોજ જન્મેલા હિંમાશુભાઈ ૨૦૦૬માં પુંસરીના સરપંચ બન્યા ત્યારથી સમજપૂર્વક તેમણે પોતાના ગામનો યોગ્ય દિશામાં વિકાસ કર્યો. ૬૦૦૦ની વસતિ ધરાવતા આ ગામ સગવડ અને સમજણ બન્ને રીતે સાચા અર્થમાં સુખી ગામ છે. ગામમાં ઘરે-ઘરે નળ દ્વારા પાણી મળે છે, ગામના રસ્તા સરસ છે, ઘરે-ઘરે સંડાસ છે.

ગામની સેનિટેશનની વ્યવસ્થા ઉત્તમ છે, ગામમાં સ્ટ્રીટલાઈટોની યોગ્ય સુવિધા છે, સીસીટીવી કેમેરા છે, આખું ગામ વાઈ-ફાઈ ધરાવે છે, શિક્ષણની ઉત્તમ સુવિધા છે, ગામમાં કોઈ બાળક કુપોષિત નથી, ૨૦૧૦થી શાળામાં ડ્રોપ-આઉટ રેશિયો શૂન્ય છે, ક્રાઈમ રેટ શૂન્ય છે, ગામમાં ઘન-કચરામાંથી વીજળી બને છે, ગામના વાલીઓ પોતાના મોબાઈલ ફોન પર, શાળામાં ભણતા બાળકને જોઈ શકે છે... આવી તો ઘણી કમાલ આ ગામમાં જોવા મળે છે. હિંમાશુભાઈ કહે છે, અમારું ગામ સ્માર્ટ છે તો સાથે સાથે આદર્શ ગામ છે. ગામમાં શિક્ષણનું સ્તર ના હોય, અને ૫૦ લાખ રૂપિયાનું શાળાનું અધતન મકાન બને તો ગામ સ્માર્ટ કહેવાય, આદર્શ ના કહેવાય.

તેમના મતે કોઈ પણ ગામને પાણી પૂરતું અને ગુણવત્તાવાળું મળવું જોઈએ, ડ્રેનેજ વ્યવસ્થા યોગ્ય હોવી જોઈએ, રસ્તા, શૌચાલય અને સ્ટ્રીટલાઈટોની યોગ્ય સગવડ હોવી જોઈએ.

હિંમાશુભાઈમાં ગ્રામના ઉત્કર્ષની સાચી સમજણ છે એ જાણીને આનંદ થાય. વિકાસની લાયમાં જો ગામડાં શહેરનું આંધળું અનુકરણ કરે તો સરવાળે ગામડાને નુકશાન થાય. ગાંધીજીએ કહ્યું હતું કે ગામડાં ભારતનો આત્મા છે. ગામડાંએ પોતાના આત્માને સાચવીને જ વિકાસ કરવાનો છે. નવી સુખસગવડો, ટેકનોલોજી વગેરેનો લાભ લેવાનો છે પણ આંતરિક પ્રેમ, નિરાંત, પરમાર્થ, એકબીજા માટે ઘસાવાની ભાવના, માપસરના વિકાસનો અભિગમ... આ બધા ગુણને સાચવી રાખવાના છે.

હિંમાશુભાઈ પટેલ રાજ્ય અને દેશના સરપંચોને એક મંચ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે તે માટે તેમને અઢળક શુભકામનાઓ.

કોઈ ગામના સરપંચને માર્ગદર્શન જોઈતું હોય તો તેઓ હિંમાશુભાઈ પટેલ (૯૪૨૬૩૭૯૪૦૦) નો જરૂરથી સંપર્ક કરે.

**છાંયડો :**

ગામ એ જ રામ છે. ગામ માત્ર ભારતનો જ નહીં, માનવતાનો આત્મા છે. નવી પરિસ્થિતિમાં ગામો વેરણ-છેરણ થઈ રહ્યાં છે. ટેકનોલોજીને કારણે વિશ્વ એક નાનકડું ગામ બની રહ્યું છે અને ગામનું વિશ્વ ડહોળાઈ રહ્યું છે. એ જ ટેકનોલોજીના તપારા પર બેસીને આપણે ગામને તેના યોગ્ય મૂકામે પહોંચાડવું જોઈએ.

